# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 21-06-2025** **Midday : 2.30 to 2.35 pm**

**Day : Saturday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **સોનલ પરમાર** વાંચે છે.

---

સમાચારનાં અંતે

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા હતાં. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

------------------------------------------------------------------

આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(CLOSING MUSIC)

# PM YOGA DAY

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે, આજે સમગ્ર વિશ્વ જે પ્રકારના તણાવમાંથી પસાર થઈ રહ્યું છે તેવી સ્થિતિમાં, યોગ આપણને શાંતિની દિશા આપે છે. આંધ્રપ્રદેશના વિશાખાપટ્ટનમથી 11મા આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણીનું નેતૃત્વ કરતા, શ્રી મોદી એ કહ્યું કે 11મી વખત, વિશ્વ 21 જૂને યોગનો અભ્યાસ કરવા માટે એક સાથે આવી રહ્યું છે, જે દર્શાવે છે કે યોગે વિશ્વભરના લોકોને સુંદર રીતે એક કર્યા છે.

(બાઇટ: PM-MODI-ON-11-YEARS)

શ્રી મોદીએ કહ્યું કે આ વર્ષના દિવસની થીમ, એક પૃથ્વી, એક સ્વાસ્થ્ય માટે યોગ, યાદ અપાવે છે કે વર્તમાન અને ભાવિ પેઢીઓ માટે સુખી અને સ્વસ્થ ભવિષ્ય સુરક્ષિત કરવા માટે વિશ્વ કેવી રીતે એક સાથે આવે છે.

. . . . . . . . . . .

# CM VADNAGAR YOG

11મા આંતરરાષ્ટ્રીય યોગ દિવસની રાજ્ય કક્ષાની ઉજવણી વડનગરના શર્મિષ્ઠા તળાવ પરિસર ખાતે કરવામાં આવી. મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ ઉજવણીમાં સામૂહિક યોગ ક્રિયામાં લોકો સાથે યોગાસનો કરીને સહભાગી બન્યા હતા. આ પ્રસંગે શ્રી પટેલે જણાવ્યું કે યોગ વિશ્વના દેશોના લોકોની

રોજબરોજની જીવન શૈલીનો ભાગ બની ગઈ છે. તેમણે યોગ વિકસિત, સ્વસ્થ અને તંદુરસ્ત ગુજરાતનું નિર્માણ કરશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

(બાઇટ: ભૂપેન્દ્ર પટેલ, મુખ્યમંત્રી)

રાજ્યભરમાં મહાનગરપાલિકાથી લઈને ગ્રામ પંચાયત સુધી અંદાજે કુલ દોઢ કરોડ લોકો આંતરરાષ્ટીય યોગ દિવસ ની ઉજવણીમાં સામૂહિક યોગ ક્રિયામાં જોડાયા હતા. દરમિયાન બે હજાર 21 લોકોએ 2 મિનિટ સુધી એકસાથે ભૂજંગાસન કરીને ગિનિસ વિશ્વ રેકોર્ડ સર્જ્યો હતો.

. . . . . . . . . . .

# STATE YOGA DAY

રાજ્યભરમાં પણ આજે આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી કરવામાં આવી. કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહ અમદાવાદના પ્રહલાદનગર ખાતે યોગ કાર્યક્રમમાં સહભાગી બન્યા. જ્યારે કેન્દ્રીય જળશક્તિ મંત્રી સીઆર પાટીલે વડોદરા ખાતે યોગ શિબિરમાં ભાગ લીધો.

ગાંધીનગર રાજભવન ખાતે રાજ્યપાલ આચાર્ય દેવવ્રતની ઉપસ્થિતિમાં રાજભવન પરિવારના તમામ અધિકારીઓ અને કર્મચારીઓએ ઉત્સાહભેર સમૂહ યોગાભ્યાસ કર્યો હતો. ભાવનગર ખાતે કેન્દ્રીય રાજયમંત્રી નિમુબેન બાંભણીયાના અધ્યક્ષસ્થાને યોગ દિવસ'ની ઉજવણી કરાઈ. તો જામનગર ખાતે યોજાયેલા કાર્યક્રમમાં વન અને પર્યાવરણ મંત્રી મુળુભાઈ બેરાએ યોગાભ્યાસ કર્યો. તેમણે આ મુજબ પ્રતિક્રિયા આપી.

(બાઇટ: મુળુભાઈ બેરા, મંત્રી )

તાપી જિલ્લા કક્ષાનો કાર્યક્રમ વ્યારા ખાતે આદિજાતિ બાબતોના મંત્રી કુંવરજી હળપતિની ઉપસ્થિતિમાં યોજાયો. સાબરકાંઠાના હિંમતનગર ખાતે અન્ન નાગરિક પુરવઠા મંત્રી ભીખુસિંહ પરમારની અધ્યક્ષતામાં યોગ દિવસ ઉજવાયો. જ્યારે પાટણમાં વિશ્વ વિરાસત સ્થળ રાણકી વાવ ખાતે શાળા કોલેજના વિદ્યાર્થીઓ અને અધિકારીઓ પદાધિકારીઓ, યોગ પ્રાણાયામમાં સહભાગી બન્યા. સુરેન્દ્રનગરના જવાહર પોલીસ પરેડ ગ્રાઉન્ડ ખાતે જિલ્લા કક્ષાની ઉજવણી કરવામાં આવી.

અમરેલી સ્થિત પોલીસ પરેડ ગ્રાઉન્ડ ખાતે જિલ્લાકક્ષાની ઉજવણી સંપન્ન થઈ હતી. પોરબંદર ચોપાટી ખાતે જિલ્લા કક્ષાના યોગ દિવસની ઉજવણીમાં ધારાસભ્ય અર્જુન મોઢવાડિયા જોડાયા હતા. તો, વલસાડમાં તિથલ સ્વામિનારાયણ મંદિરે જિલ્લા કક્ષાના યોગ દિનની ઉજવણી થઈ. અરવલ્લી જિલ્લાના મોડાસા ખાતે પોલીસ પરેડ ગ્રાઉન્ડમાં "યોગ ફોર વન અર્થ, વન હેલ્થ" હેઠળ યોગનો કાર્યક્રમ આયોજિત કરવામાં આવ્યો હતો.. પંચમહાલ જિલ્લાના ગોધરા સ્થિત પોલીસ પરેડ ગ્રાઉન્ડ ખાતે યોગ દિવસની જિલ્લા કક્ષાની ઉજવણી કરાઈ. જ્યારે રાજકોટના વિમલ નગર સ્થિત મલ્ટી પર્પસ ઈન્ડોર હોલ ખાતે અને ડાંગ જિલ્લાના આહવાના પોલીસ તાલીમ ભવન ખાતે જિલ્લા કક્ષા નો કાર્યક્રમ યોજાયો.

. . . . . . . . . . .

# VISAVADAR RE-POLL

વિસાવદર વિધાનસભાની પેટાચૂંટણીમાં આજે માલીડા અને નવા વાઘણિયા મતદાન મથક પર સાતથી સાંજનાં છ વાગ્યા દરમિયાન પુન: મતદાન ચાલી રહ્યું છે. અમારા પ્રતિનિધિ સંજીવ મહેતા જણાવે છે કે બપોરે એક વાગ્યા સુધીમાં 57.65 ટકા મતદાન નોંધાયું છે. ઉલ્લેખનીય છે કે 19 તારીખે યોજાયેલી વિસાવદર વિધાનસભા બેઠકની પેટાચૂંટણીમાં બે મતદાન મથક પરનું મતદાન રદ કરવામાં આવ્યું હતું.

. . . . . . . . . . .